# પાણીજન્ય રોગચાળો કાબૂમાં લેવા મુખ્યમંત્રીની કડક સૂચના

**પીવાના પાણીના સેમ્પલ્સ દરરોજ મેળવી તેની યોગ્યતાના રિપોર્ટ મેળવ્યા બાદ જ વિતરણ કરવા મુખ્યમંત્રીની તાકીદ**

ગાંધીનગર: સીએમ ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર શહેરમાં ટાઈફોઈડના રોગચાળાના કારણે સર્જાયેલી સ્થિતિમાં મહાનગરપાલિકા અને રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સંયુક્તપણે લેવાઈ રહેલા દર્દીઓની સારવાર, રોગ નિયંત્રણ અને નિવારણ માટેના પગલાઓ વધુ સઘન બનાવવા માટેના સૂચનો ઉચ્ચ સ્તરીય સર્વગ્રાહી સમીક્ષા બેઠકમાં કર્યા હતા. આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેકટર તથા મનપાના કમિશનરને મુખ્યમંત્રીએ રોગચાળો કાબૂમાં લેવા અસરકારક પગલા લેવા તાકીદ કરી હતી.

ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર જે એન વાઘેલાએ આ રોગચાળાના નિયંત્રણ માટે મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય વિભાગના સંકલનમાં રહીને થઈ રહેલી કામગીરીની વિગતો મુખ્યમંત્રીને આપતા કહ્યું હતું કે, હવે કેસોમાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે. મહાનગરપાલિકા દ્વારા 85 સર્વે ટીમ બનાવીને 1 લાખ 58 હજારથી વધુ લોકોનું સર્વેલન્સ કરવામાં આવ્યું છે. ક્લોરિન ટેબલેટ્સ અને ઓ.આર.એસ. પેકેટ પણ પૂરતા પ્રમાણમાં વિતરણ કરવામાં આવ્યાં છે. લીકેજીસના રિપેરીંગ કામ અગ્રતાના ધોરણે હાથ ધરાયા છે તેમજ તમામ પાણીના સ્ત્રોતોમાં સુપર ક્લોરિનેશન પણ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીએ પાણીજન્ય રાગચાળો ફેલાતો અટકાવવાના સઘન ઉપાયરૂપે ગાંધીનગર સહિત રાજ્યના શહેરી ક્ષેત્રોમાં પીવાના પાણીના સેમ્પલ દરરોજ લઈ તેની યોગ્યતા અને ક્લોરિનેશનના રિપોર્ટ્સ મેળવ્યા પછી જ પાણી વિતરણ વ્યવસ્થા થાય તે માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા હતા. મુખ્યમંત્રીએ હાલ પાઈપલાઈન અંગેના જે કામો પ્રગતિમાં છે, તેની ફિલ્ડ વિઝિટ કરીને ગુણવત્તા અને ચોકસાઈ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. તેમણે વોટર ટેસ્ટિંગનો વ્યાપ વધારવા અને લીકેજીસ તાત્કાલિક ધોરણે અટકાવવાના પગલાઓ લેવા તાકીદ કરી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિડીયો કોન્ફરન્સ મારફતે તથા આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનો, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, પાણી પુરવઠા અને શહેરી વિકાસના અગ્ર સચિવ, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે, ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી તેમજ આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અને તબીબો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત પછાત? વોટર ક્વોલિટી ઈન્ડેક્સમાં દેશમાં છેક 30મા ક્રમે!

# દાહોદ-બનાસકાંઠામાં એકેય ઘરમાં પીવાલાયક પાણી પહોંચતું નથી!

**દેશની સરેરાશ 73.8 ટકા સામે ગુજરાતનો ઈન્ડેક્સ 63 ટકા**

**સુરતના ૪૭.૨% લોકોને ત્યાં પીવાલાયક પાણી નળથી મળે છે, ગાંધીનગરમાં ૩૧.૯% ઘરોમાં, અમદાવાદમાં ૪૬.૧% ઘરોમાં પીવાલાયક પાણી પહોંચાડાય છે**

અમદાવાદ: રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી દૂષિત પાણીના લીધે ગાંધીનગર અને અમદાવાદ મોટા પ્રમાણમાં બીમાર પડ્યા છે જેમાં મોટા ભાગે બાળકો છે, જ્યારે બાલાસિનોરમાં દૂષિત પાણીથી કેટલાક દિવસો પહેલા નાગરિકો કમળાગ્રસ્ત થયા હતા. જળશક્તિ મંત્રાલયના ફંક્શનાલિટી એસેસમેન્ટ ઓફ હાઉસહોલ્ડ ટેપ કનેકશન્સ રિપોર્ટ મુજબ ગુજરાતમાં માત્ર ૪૭.૩%ના ઘરે ગુણવત્તાયુક્ત પાણી નળથી પહોંચે છે, જ્યારે સમગ્ર દેશમાં 76% ઘરો સુધી ગુણવત્તાયુક્ત પાણી નળ દ્વારા પહોંચે છે. વર્ષ ૨૦૨૨ સુધીના સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની માહિતી મુજબ વોટર ક્વોલિટી ઈન્ડેક્સમાં ગુજરાત સમગ્ર દેશમાં ૩૦માં ક્રમે છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડો પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, છત્તિસગઢ જેવા રાજ્યોથી પણ ગુજરાત વોટર ક્વોલિટી ઈન્ડેક્સમાં પાછળ છે. સમગ્ર દેશનો વોટર ક્વોલિટી ઈન્ડેક્સની સરેરાશ ૭૩.૮% જ્યારે ગુજરાતનો ઈન્ડેક્સ ૬૩% છે. જળ શક્તિ મંત્રાલયના રિપોર્ટ ફક્શનાલિટી એસેસમેન્ટ ઓફ હાઉસહોલ્ડ ટેપ કનેકશન્સ મુજબ જિલ્લા પ્રમાણે પીવાલાયક પાણીની સપ્લાયના આંકડા ચોકાવનારા છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ૩૧.૯% ઘરો અને આર્થિક પાટનગર અમદાવાદમાં ૪૬.૧% ઘરોમાં જ પીવાલાયક પાણી આવે છે. દાહોદ અને બનાસકાંઠામાં રિપોર્ટ મુજબ ૦.૦% ઘરોમાં પીવાલાયક એટલે કે પોટેબલ વોટર આવે છે. મહીસાગરમાં ૧૬%, નર્મદામાં ૧૫.૪%, ગીર સોમનાથમાં ૧૧.૭% દેવભૂમિ દ્વારકામાં ૧૭.૨% ઘરોમાં પીવાલાયક પાણી મળે છે. રાજકોટની જનતાને ૧૬.૨% અને સુરતના ૪૭.૨% લોકોને ત્યાં પીવાલાયક પાણી નળથી મળે છે. રિપોર્ટ મુજબ જૂના ૩૩ પૈકી ૧૯ જિલ્લામાં નળ થકી ૫૦%થી ઓછા લોકોને ગુણવત્તા યુક્ત પીવાલાયક પાણી મળે છે. સરકારના આંકડા ખૂબ ચોંકાવનારા છે.

## હજુ પાંચ દિવસ રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે

ગાંધીનગર: ઉત્તર-પૂર્વીય-પૂર્વીય પવનના કારણે ગુજરાતમાં હવે કાતિલ ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે. ખાસ કરીને ગુજરાતના કચ્છમાં આજે સતત બીજા દિવસે પણ નલિયામાં 7 ડિગ્રી ઠંડીનો નોંધાવવા પામી હતી. નલિયાવાસીઓ આજે 7 ડિગ્રી ઠંડીમાં ધ્રુજી ઉઠયા હતા. હજુયે આગામી પાંચ દિવસ દરમ્યાન રાજયમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે. સૌરાષ્ટ્ર - કચ્છમાં સામાન્ય કરતાં અત્યંત નીચું તાપમાન નોંધાવવા સાથે કચ્છમાં ઠંડીનો ધ્રુજારો વધી જવા પામ્યો છે. આજે મંગળવારે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં ઠંડીનો પારો અચાનક નીચે ગગડી જવા સાથે 7 ડિગ્રીએ પહોચી ગયો હતો. આગામી પાંચ દિવસ સુધી રાજયમાં કાતિલ ઠંડીનો રાઉન્ડ રહેવાનો છે. જેના પગલે ગુજરાતમાં હવે ઠંડીનો ચમકારો વધવાનો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , હવે પાંચ દિવસ દરમ્યાન રાજયમાં કાતિલ ઠંડી અનુભવાશે, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આજે લઘુતમ તાપમાનનો પારો નીચે ઉતરી ગયો હતો.

# ગુજકેટ-2026ના આવેદનપત્રો ભરવાની મુદત લંબાવાઈ

ગાંધીનગર: ગુજરાત કોમન એન્ટ્રન્ટ ટેસ્ટ (ગુજકેટ) 2026ની પરીક્ષા માટેના આવેદનપત્રો હવે લેઈટ ફી સાથે 16 જાન્યુઆરી 2026 સુધી ભરી શકાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડિગ્રી ઈજનેરી, ડિગ્રી- ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતા એ, બી, અને એબી ગ્રુપના ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ગુજકેટ 2026ની પરીક્ષા 29 માર્ચના રોજ યોજનાર છે. આ ગુજકેટ 2026ની પરીક્ષા માટેના આવેદનપત્રો ભરવાની અંતિમ તારીખ 6 જાન્યુઆરી 2026 હતી, હવે પછી રૂપિયા 1000 લેઈટ ફી સાથે 16 જાન્યુઆરી 2026 સુધી ઓનલાઈન આવેદનપત્રો ભરી શકાશે.

# અમેરિકાના વેનેઝુએલા પરના હુમલાથી લેટિન અમેરિકામાં ચીનનો ગરાસ લૂંટાઈ ગયો છે

પોતાના પડોશી દેશ વેનેઝુએલા પર કોઈ પણ જાતની ઉશ્કેરણી વગર હુમલો કરીને અમેરિકાએ યુનોનું નાક કાપ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જાણે કે એવી રીતે વર્તી રહ્યા છે કે યુનો જેવી કોઈ સંસ્થાનું દુનિયામાં અસ્તિત્વ જ નથી. સોમવારે વેનેઝુએલાના મુદ્દા પર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની એક કટોકટીની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક કોલંબિયાની વિનંતી પર બોલાવવામાં આવી હતી, જેને ચીન અને રશિયાનો ટેકો મળ્યો હતો. આ બેઠકમાં ટ્રમ્પના માદુરોની ધરપકડના નિર્ણય પર ચર્ચા થઈ હતી, જેમાં યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે ચેતવણી આપી હતી કે આ પગલું ખતરનાક મિસાલ સ્થાપિત કરી શકે છે. ચીન કહે છે કે તે આવી દખલગીરીનો વિરોધ કરે છે અને આ તેની નીતિ પણ છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની મંજૂરી વિના કરવામાં આવેલી લશ્કરી કાર્યવાહીનો પણ ચીન ખુલ્લેઆમ ટીકાકાર રહ્યું છે. જો કે, આ મામલે તેની પ્રતિક્રિયા ખૂબ જ કઠોર હતી અને તેનું કારણ વેનેઝુએલાના તેલ ક્ષેત્રમાં ચીનનું મોટું રોકાણ હોવાનું માનવામાં આવે છે. રશિયા અને ચીન વેનેઝુએલાના નજીકનાં સાથી રહ્યાં છે.

ગયા શનિવારે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ પર માદુરોના કબજાની જાહેરાત કરી ત્યારે ચીનનો પ્રતિભાવ તરત જ આવ્યો હતો. ભારતમાં ચીની દૂતાવાસના પ્રવક્તા યુ જિંગે જણાવ્યું હતું કે એક સાર્વભૌમ દેશ વિરુદ્ધ અમેરિકા દ્વારા બળપ્રયોગ અને તેના રાષ્ટ્રપતિ વિરુદ્ધ કરવામાં આવેલા પગલાંની ચીન સખત નિંદા કરે છે અને તેમને ખૂબ જ આઘાત લાગ્યો છે. સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદની કટોકટીની બેઠકમાં પણ ચીનના ખાસ દૂતે અમેરિકાનાં પગલાંની કડક નિંદા કરી હતી. બેઇજિંગમાં પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઇશાક ડાર સાથેની મુલાકાત દરમિયાન ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ કહ્યું કે કોઈ પણ દેશને દુનિયાનો પોલીસમેન બનવાનો કે પોતાની ઇચ્છા બીજા પર લાદવાનો અધિકાર નથી. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે તમામ દેશોને સંયુક્ત રાષ્ટ્રના સિદ્ધાંતોનું પાલન કરવાની અપીલ કરી હતી .

**ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ**

છેલ્લા બે દાયકામાં, ચીને લેટિન અમેરિકામાં તેની હાજરી ઝડપથી વધારી છે, જ્યારે અમેરિકા આ ક્ષેત્રમાં પ્રમાણમાં નિષ્ક્રિય રહ્યું છે. એક વર્ષ પહેલાં, નવેમ્બર ૨૦૨૪ માં, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પોતે પેરુવિયન કિનારે ચાંકે બંદરના ઉદ્ઘાટન સમયે હાજર રહ્યા હતા, જે ચીનના સહયોગથી બનાવવામાં આવ્યું હતું . એવું માનવામાં આવે છે કે ૩.૫ અબજ ડોલરના ખર્ચે બનેલા આ બંદર વેપાર માટે ઉત્તર અમેરિકાને સંપૂર્ણપણે બાયપાસ કરી શકે છે. તેવી જ રીતે, ચીન તેના મહત્ત્વાકાંક્ષી બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટ દ્વારા અમેરિકાના પાછળના



ભાગ તરીકે ઓળખાતા આ કેરેબિયન ક્ષેત્રમાં પોતાનું વર્ચસ્વ વધારી રહ્યું છે. છેલ્લા બે દાયકામાં, બેઇજિંગ ઘણા લેટિન અમેરિકન દેશોને તાઇવાન પાસેથી રાજદ્વારી માન્યતા પાછી ખેંચી લેવા અને ચીનનો પક્ષ લેવા બાબતમાં સફળ રહ્યું છે. આ સમયગાળા દરમિયાન કોસ્ટા રિકા, પનામા, ડોમિનિકન રિપબ્લિક, અલ સાલ્વાડોર, નિકારાગુઆ અને હોન્ડુરાસે ચીન સાથે વ્યૂહાત્મક ભાગીદારી પસંદ કરી હતી.

વેનેઝુએલા પાસે વિશાળ તેલ ભંડાર છે, જે વિશ્વના કોઈ પણ દેશ કરતાં સૌથી મોટો છે. લંડન સ્થિત એનર્જી ઇન્સ્ટિટ્યૂટને ટાંકીને રોઇટર્સે અહેવાલ આપ્યો છે કે વેનેઝુએલા પાસે વૈશ્વિક તેલ ભંડારના આશરે ૧૭ ટકા અથવા આશરે ૩૦૩ અબજ બેરલ છે. આનાથી તે ઓર્ગેનાઇઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ (OPEC) માં અગ્રણી સાઉદી અરેબિયાથી આગળ છે. પરંતુ પ્રતિબંધોને કારણે, તે વૈશ્વિક બજારમાં ખુલ્લેઆમ પોતાનું તેલ વેચી શકતું નથી. આવી સ્થિતિમાં, ચીન મદદ માટે આગળ આવ્યું. ચીન ફક્ત વેનેઝુએલાના તેલનો ખરીદદાર નથી, પરંતુ દેશના તેલ ક્ષેત્રમાં રોકાણ કરનારા થોડા દેશોમાંનો એક પણ છે. કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ અનુસાર , ૨૦૦૦ માં લેટિન અમેરિકાની કુલ નિકાસમાં ચીનનો હિસ્સો ૨ ટકા કરતાં ઓછો હતો. ૨૦૨૧ સુધીમાં ચીન અને લેટિન અમેરિકા વચ્ચેનો વેપાર ૪૫૦ અબજ ડોલરને વટાવી ગયો હતો. ચીનના સરકારી મીડિયા અનુસાર, તે વેપાર ૨૦૨૪ માં વધીને રેકોર્ડ ૫૧૮ અબજ ડોલર થવાની ધારણા છે. કેટલાક અર્થશાસ્ત્રીઓનો અંદાજ છે કે ૨૦૩૫ સુધીમાં આ આંકડો ૭૦૦ અબજ ડોલરને વટાવી શકે છે. હાલમાં ચીન દક્ષિણ અમેરિકાનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે.

૧૯૯૦ ના દાયકાના અંતમાં જ્યારે સમાજવાદી નેતા હ્યુગો ચાવેઝ ૧૯૯૮ માં સત્તા પર આવ્યા ત્યારે ચીનના વેનેઝુએલા સાથેના સંબંધો વધુ મજબૂત બન્યા હતા. ચાવેઝે પોતાને અમેરિકાથી દૂર રાખ્યા હતા અને ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના શાસન મોડેલની પ્રશંસા કરી હતી. ૨૦૧૩ માં ચાવેઝના મૃત્યુ પછી નિકોલસ માદુરો વેનેઝુએલાના રાષ્ટ્રપતિ બન્યા હતા અને આ સંબંધ વધુ મજબૂત બન્યો હતો. ચીને વેનેઝુએલાની તેલ રિફાઇનરીઓ અને માળખાગત સુવિધાઓમાં ભારે રોકાણ કર્યું છે. ૨૦૧૭ થી અમેરિકા અને તેના સાથી દેશો દ્વારા પ્રતિબંધો કડક કર્યા પછી, વેનેઝુએલા માટે આ એક મોટી નાણાંકીય સહાય સાબિત થઈ હતી. ચીનના કસ્ટમ ડેટા દર્શાવે છે કે ચીને ૨૦૨૪ માં વેનેઝુએલા પાસેથી આશરે ૧.૬ અબજ ડોલરનો માલ ખરીદ્યો હતો. આમાંથી લગભગ અડધું તેલ હતું. અમેરિકન એન્ટરપ્રાઇઝ ઇન્સ્ટિટ્યૂટના ૨૦૨૩ના અંદાજ મુજબ, ૨૦૧૬ થી ચીની કંપનીઓએ વેનેઝુએલાના તેલ ક્ષેત્રમાં ૨.૧ અબજ ડોલરનું રોકાણ કર્યું છે. તેઓ એવી થોડી વિદેશી કંપનીઓમાંની એક છે, જેમને હજુ પણ દેશમાં કામ કરવાની મંજૂરી છે. ચીનની સરકારી કંપની સિનોપેક ગ્રુપ તેલ ક્ષેત્રમાં સૌથી મોટો હિસ્સો ધરાવે છે.

માદુરોની ધરપકડના કલાકો પહેલાં લેટિન અમેરિકા અને કેરેબિયન માટે ચીનના ખાસ પ્રતિનિધિ ક્યુ ઝિયાઓકી કારાકાસમાં હતા અને માદુરો સાથે તેમણે મુલાકાત કરી હતી. આ હુમલો ચીન માટે એક મોટો ફટકો હતો. ચીનના એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે અમે ચીનને વેનેઝુએલાના વિશ્વસનીય મિત્ર તરીકે જોવા માંગતા હતા. વેનેઝુએલાના નેતા સાથે ચીનની વ્યૂહાત્મક મિત્રતા રહી છે, તેથી તેમના પ્રસ્થાનને ચીન માટે ફટકો માનવામાં આવી રહ્યો છે.

વિશ્લેષકો કહે છે કે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને એક મુખ્ય વૈશ્વિક વેપાર ભાગીદાર ચીન અમેરિકન કાર્યવાહી સામે પ્રતિકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. ચીન સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય વિકાસશીલ દેશો સાથે અમેરિકા વિરુદ્ધ અભિપ્રાય બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. ડોનાલ્ડ ટ્રમ્પે કોલંબિયા અને મેક્સિકો સામે લશ્કરી કાર્યવાહીની ધમકી પણ આપી છે અને કહ્યું છે કે ક્યુબાની સામ્યવાદી સરકાર પતન માટે તૈયાર દેખાય છે. આવી સ્થિતિમાં જે લેટિન અમેરિકન દેશોએ ચીનના ગ્લોબલ સિક્યુરિટી ઇનિશિયેટિવ પર હસ્તાક્ષર કર્યા છે તેઓ હવે વિચારી શકે છે કે આ કરાર તેમને કટોકટીના સમયમાં કેટલી સુરક્ષા પૂરી પાડશે.

દરમિયાન વેનેઝુએલા પરના અમેરિકી હુમલા બાબતમાં ભારતે 'નરો વા કુંજરો વા' જેવું નિવેદન આપ્યું છે, તેની પણ ટીકા થઈ રહી છે. અમેરિકાની કાર્યવાહીના ૨૪ કલાક પછી ભારતીય વિદેશ મંત્રાલયે એક નિવેદન બહાર પાડ્યું હતું કે 'ભારત વેનેઝુએલાનાં લોકોની સલામતી અને સુખાકારી માટે પોતાના સમર્થનનો પુનરોચ્ચાર કરે છે. અમે તમામ સંબંધિત પક્ષોને વાતચીત અને શાંતિપૂર્ણ માધ્યમથી મુદ્દાઓનું નિરાકરણ લાવવા અપીલ કરીએ છીએ.' સરકારના આ નિવેદનથી વિરોધ પક્ષોમાં અસ્વસ્થતા ફેલાઈ છે અને ઘણાં લોકોએ અમેરિકન આક્રમણની નિંદા ન કરવા બદલ તેની ટીકા કરી છે. આ પ્રતિક્રિયા રશિયાના યુક્રેન પરના હુમલા દરમિયાન આપેલી પ્રતિક્રિયા જેવી જ હતી. તે સમયે, ભારતે કોઈ પણ એક પક્ષને સમર્થન આપવાનું ટાળ્યું હતું.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

**વિશ્લેષકો કહે છે કે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને એક મુખ્ય વૈશ્વિક વેપાર ભાગીદાર ચીન અમેરિકન કાર્યવાહી સામે પ્રતિકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે**

## BUSINESS મિત્ર

### ટ્રમ્પના ટેરિફ નિવેદન અને પ્રોફિટ બુકિંગથી નિફ્ટીએ 26,200ની સપાટી તોડી

# બીજા દિવસે પણ કડાકો: સેન્સેક્સ 376 પોઈન્ટ તૂટ્યો

**રોકાણકારોને રૂ. 1.35 લાખ કરોડનું નુકશાન**

**ઓઈલ-ગેસ શેરોમાં ભારે વેચવાલી**

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 6:** ભારતીય શેરબજારોમાં સતત બીજા દિવસે તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં સેન્સેક્સ 376 પોઈન્ટ તૂટયો હતો, જ્યારે નિફ્ટીએ 26200 પોઈન્ટના સપોર્ટ લેવલને તોડી દીધી હતી. આ ઘટાડાના કારણે રોકાણકારોને લગભગ 1.50 લાખ કરોડ રૂપિયાનું નુકશાન કર્યું હતું.

હેવીવેઈટ શેરોમાં પ્રોફીટ બુકીંગ અને વિદેશી રોકાણકારોના વેચાણથી બજારના સેન્ટિમેન્ટ ઉપર દબાણ આવ્યું હતું. આ સિવાય અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત પર ટેરિફ વધારવા અંગેના નિવેદનોથી રોકાણકારો સાવેચત બન્યા હતા. જેના પગલે હેવીવેઈટ શેરોની સાથે બ્રોડર માર્કેટના શેરો તૂટયા હતા. સેકટર વાઈઝ જોઈએ તો ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ 0.6 ટકા ઘટ્યો હતો, બીજી તરફ, આઈટી, ફાર્મા, પીએસયુ બેન્ક અને મેટલ ઈન્ડેક્સ 0.3 ટકાથી 1.7 ટકા સુધી વધ્યા હતા. જેના લીધે બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 479.45 લાખ કરોડ થયું છે. જે અગાઉ કારોબારી દિવસે રૂ. 480.80 લાખ કરોડ થયું હતું. આમ, 1.35 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો.

### રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 12 પૈસા સુધરીને 90.17ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.29ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.08, પાઉન્ડ 121.85, કેનેડિયન ડોલર65.34, ઓસ્ટ્રેલિયન ડોલર 60.41, જાપાનીઝ યેન 0.5762 અને સીંગાપોર ડોલર 70.44ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 90.17 રૂ. |
| યુરો | 106.08 રૂ. |
| પાઉન્ડ | 121.85 રૂ. |
| યેન | 0.5762 રૂ. |

ડિસેમ્બરમાં ભારતની સર્વિસ સેકટરની વૃદ્ધિ ધીમી પડી હતી. જેમાં એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ બિઝનેસ એકટીવીટી ઈન્ડેક્સ 59.8 ઘટીને 58 થયો હતો, જે જાન્યુઆરી પછીનો સૌથી નબળો વિસ્તરણ દર્શાવે છે, જ્યારે હજુય પણ નક્કર વૃદ્ધિ સુચવે છે. કમ્પોઝિટ પીએમઆઈ આઉટપુટ ઈન્ડેકસ પણ નવેમ્બરમાં નરમ પડીને 57.8 થયો હતો, પરંતુ તે તેની લાંબાગાળાની સરેરાશથી ઉપર રહ્યો હતો, જે મધ્યમ ગતિએ સતત એકંદર આર્થિક વિસ્તરણ તરફ નિર્દેશ કરે છે.

બીએસઈ સેન્સેક્સ 376.28 પોઈન્ટ એટલે કે 0.44 ટકા ઘટીને 85063.34 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85397 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 85000 પોઈનટ્ની સપાટી તોડીને 84900 પોઈન્ટના સ્તર સુધી ઘટ્યો હતો. નિફ્ટી 71.60 પોઈન્ટ એટલે કે 0.27 ટકા ઘટીને 26200 પોઈન્ટની સપાટી તોડીને 26178.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26273 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નાચમાં 26124 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 74.20 પોઈન્ટ એટલે કે 0.12 ટકા સુધરીને 60118.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે પ્રાઈવેટ બેન્કોની વેચવાલી સામે પીએસયુ બેન્કના જોરે બેન્ક નિફ્ટી પોઝિટિવ રહ્યા હતા.

બીએસઈ ખાતે એબોટ ઈન્ડિયા 15.24 ગણા, લોઢા ડેવલપર્સ 11.05 ગણા, પોલી મેડીક્યોર 5.93 ગણા, એલાઈડ બ્લેન્ડર્સ 3.73 ગણા, દેલ્હીવેરી લિ. 2.99 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે પોલી મેડીક્યોર 11.86 ગણા, ડો. અગ્રવાલ્સ હેલ્થ કેર 10.13 ગણા, નાવા લિ. 8.66 ગણા, ટ્રેન્ટ લિ. 6.65 ગણા અને રેડીન્ગટન લિ. 5.11 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી રહી હતી. બીએસઈ મડિકેપ ઈન્ડેક્સ 0.24 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.56 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 1666 શેરો વધ્યા હતા, જ્યારે 2511 શેરો ઘટ્યા હતા અને 189 શેરો યથાવત રહ્યા હતા.

ઓઈલ એન્ડ ગેસ શેરોમાં વેચવાલીના પગલે ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ 1.75 ટકા ઘટ્યો હતો. જેમાં રિલાયન્સ, મહાનગર ગેસ, ગેઈલ, એચપીસીએલ, બીપીસીએલ, અદાણી ટોટલ ગેસ, કેસ્ટ્રોલ ઈન્ડિયા, ગુએસપીએલ, આઈઓસી અને ગુજરાત ગેસ ઘટ્યા હતા. બીજી તરફ, પેટ્રોનેટ એલએનજી, એજીસ લોજીસ્ટીક અને ઓએનજીસી વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ગઈકાલે યુએસ ડાઉ જોન્સ ઝડપી ઉછળ્યા હતા અને 49000 પોઈન્ટની સપાટી કુદાવીને ઓલટાઈમ હાઈ પર પહોંચ્યો હતો. જોકે, આજે વાયદા બજારમાં ડાઉ નફાવસુલી રહેતા 103 પોઈન્ટ ઘટાડા સાથે બોલાઈ રહ્યો છે.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -376.28 | 85063.34 |
| નિફ્ટી | -71.60 | 26178.70 |
| બેન્ક નિફ્ટી | 74.20 | 60118.40 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અપોલો હોસ્પિટલ | 3.74 | 7348.00 |
| ICICI બેન્ક | 2.89 | 1411.20 |
| HDFC લાઇફ | 2.44 | 777.85 |
| ટાટા કન્ઝ્યુમર | 2.39 | 1210.40 |
| સન ફાર્મા | 1.81 | 1760.20 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 8.63 | 4047.60 |
| રિલાયન્સ ઇન્ડ. | 4.47 | 1507.60 |
| આઇટીસી | 2.07 | 342.45 |
| કોટક બેન્ક | 2.03 | 2146.40 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.96 | 5002.50 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ICICI બેન્ક | 2.87 | 1410.75 |
| એચયુએલ | 1.75 | 2425.35 |
| સન ફાર્મા | 1.73 | 1760.15 |
| એસબીઆઇ | 1.33 | 1018.75 |
| ટીસીએસ | 1.28 | 3255.75 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 8.62 | 4047.70 |
| રિલાયન્સ | 4.42 | 1507.70 |
| આઇટીસી | 2.07 | 342.45 |
| કોટક બેન્ક | 2.02 | 2146.65 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.81 | 5008.90 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૧૨૯૦ |
| તેજાબી સોનું | ૧૪૧૨૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૪૨૨૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૮૪૬૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૧૨૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૦૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૧૮૦૦ |

# બ્લૂમબર્ગના એક અહેવાલે રિલાયન્સના રોકાણકારોના કરોડો ધોવાયા

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે બ્લુમબર્ગના અહેવાલને ખોટો ગણાવ્યો, છતાં રૂ. 70 તૂટયો**

**એચડીએફસી બેન્ક-આઇટીસીએ દબાણ વધાર્યુ-રિલાયન્સ અને બેન્કિંગ શેરોમાં ગાબડાથી સેન્સેક્સ ગગડ્યો**

મુંબઈ, તા. 6: રિલાયન્સઈન્ડસ્ટ્રીઝમાં આજે 4.5 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. રિલાયન્સ, એચડીએફસી બેંક, કોટક અને આઈટીસીએ આજે બજાર પર સૌથી વધુ દબાણ કર્યું છે. વાસ્તવમાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે મોડી રાત્રે એક નિવેદન બહાર પાડ્યું છે અને બ્લૂમબર્ગના અહેવાલને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે બ્લૂમબર્ગના અહેવાલને ખોટો ગણાવ્યો છે. તે પછી પણ આજે આ શેર દબાણમાં દેખાયો હતો. હાલ બપોરે 2.50 વાગ્યાની આસપાસ 69.40 રૂપિયા એટલે કે 4.40 ટકાના ઘટાડા સાથે શેર 1507 રૂપિયાની આસપાસ જોવા મળી રહ્યો છે.

આજની ઈન્ટ્રાડે નીચી સપાટી 1,496.30 રૂપિયા અને ઈન્ટ્રાડે હાઈ 1,569 રૂપિયા છે. તમને જણાવી દઈએ કે ગઈકાલે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ 1611.20 રૂપિયાની નવી ઓલટાઈમ હાઈ પર પહોંચી ગઇ હતી. આજના ઘટાડા સાથે કંપનીનું માર્કેટ કેપ ઘટીને 20.57 લાખ કરોડ રૂપિયા થઇ ગયું છે. તે જ સમયે, તેનું માર્કેટ કેપ ગઈકાલે 20.57 લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યું હતું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં આ ઘટાડો એવા સમયે થયો છે જ્યારે બ્લૂમબર્ગે અહેવાલ આપ્યો હતો કે રશિયાથી ક્રૂડ ઓઈલ લઈ જતા 3 જહાજો રિલાયન્સની જામનગર રિફાઈનરી તરફ આવી રહ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે આ અહેવાલને સીધો ફગાવી દીધો હતો. કંપનીએ સ્પષ્ટપણે કહ્યું છે કે છેલ્લા ત્રણ અઠવાડિયામાં જામનગર રિફાઈનરીને રશિયન તેલનો કોઈ કાર્ગો મળ્યો નથી અને જાન્યુઆરીમાં આવી કોઈ ડિલિવરી થવાની અપેક્ષા નથી. બ્લૂમબર્ગના સમાચાર પર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પોતાના નિવેદનમાં કહ્યું છે કે બ્લૂમબર્ગનો રિપોર્ટ ખોટો છે. રશિયન તેલથી ભરેલા જહાજોના આગમનના સમાચાર સંપૂર્ણપણે ખોટા છે. જામનગર રિફાઈનરીને રશિયન તેલનો કોઈ જથ્થો મળ્યો નથી. છેલ્લા 3 અઠવાડિયાથી રશિયન તેલની કોઈ શિપમેન્ટ પ્રાપ્ત થઈ નથી. જાન્યુઆરીમાં રશિયા પાસેથી તેલ મેળવવાની કોઈ સંભાવના નથી. હાલમાં રિલાયન્સનો શેર 70.80 રૂપિયા એટલે કે 4.49 ટકા ઘટીને 1507.30 રૂપિયાના સ્તર પર છે. તેની 52 સપ્તાહની નીચી સપાટી 1,114.85 રૂપિયા અને 52 સપ્તાહની ઊંચી સપાટી 1,611.80 રૂપિયા છે. જેફરીઝનો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ઓએનજીસી પર સકારાત્મક દૃષ્ટિકોણ છે. વૈશ્વિક બ્રોકરેજ કંપનીનું માનવું છે કે વેનેઝુએલાના તેલ પરનો પ્રતિબંધ હટાવવાથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ બ્રેન્ટ કરતા 5થી 8 ડોલર પ્રતિ બેરલ સસ્તા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદી શકે છે.

### હિન્દુસ્તાન કોપર, હિન્દાલ્કો અને નાલ્કોએ નવા રેકોર્ડ બનાવ્યા

# લંડન માર્કેટમાં તાંબુ તપ્યું: મેટલ કંપનીઓના શેરોમાં 6% સુધીની તેજી

**લંડન મેટલ એક્સચેન્જ પર આંતરરાષ્ટ્રીય બજારમાં તાંબાના ભાવ રેકોર્ડ વધીને 13253.50 ડોલર પ્રતિ ટન થયો**

મુંબઈ, તા. 6: મેટલ કંપનીઓના શેરમાં આજે જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. કોપર અને એલ્યુમિનિયમના આંતરરાષ્ટ્રીય ભાવ વિક્રમી સ્તરે પહોંચ્યા બાદ હિન્દુસ્તાન કોપર, હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ અને નાલ્કોના શેર 4થી 6 ટકાના ઉછળા સાથે નવી રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યા છે. મેટલ શેરોમાં આ વધારાની અસર સમગ્ર સેક્ટર પર જોવા મળી હતી. આજે કારોબાર દરમિયાન નિફ્ટી મેટલ ઈન્ડેક્સ એક ટકાથી વધુ વધીને 11652.70 પર બંધ રહ્યો હતો. આ તેની નવી બાવન સપ્તાહની ઊંચી સપાટી છે. લંડન મેટલ એક્સચેન્જ પર આંતરરાષ્ટ્રીય બજારમાં તાંબાના ભાવ રેકોર્ડ વધીને 13253.50 ડોલર પ્રતિ ટન થયા છે. બજારના વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, આ તેજી વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ, પુરવઠાના અવરોધો અને મહત્વપૂર્ણ ખનિજો માટે વધતી સ્પર્ધાનું પરિણામ છે.